**વર્ષ ૨૦૨૩-૨૪**

આદિજાતિ વિસ્તારોમાં આદિજાતિ કુટુંબોને આર્થિક ઉત્કર્ષ માટે હોમ સ્ટે બનાવવા યોજના અંગેની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

**ગુજરાત સરકાર**

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: No.TDD/NEW/e-file/25/2023/0220/GH

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:-**

(૧) નિયામકશ્રી (આ.વિ.), ગાંધીનગરનો તા.૦૪/૦૨/૨૦૨૩નો પત્ર ક્રમાંક:-DOTD /NEI/e-file/242/2023/0255/Agruni.

(૨) નિયામકશ્રી (આ.વિ.), ગાંધીનગરનો તા.૦૮/૦૨/૨૦૨૩નો પત્ર ક્રમાંક:-DOTD /NEI/e-file/242/2023/0255/Agruni.

(૩) નિયામકશ્રી (આ.વિ.), ગાંધીનગરનો તા.૧૦/૦૨/૨૦૨૩નો પત્ર ક્રમાંક:-DOTD /NEI/e-file/242/2023/0255/Agruni.

(૪) નિયામકશ્રી (આ.વિ.), ગાંધીનગરનો તા.૧૧/૦૪/૨૦૨૩નો પત્ર ક્રમાંક:-આવિ/અગન/ હોમસ્ટે/૨૦૨૩/૧૪૯૫

(૫) નિયામકશ્રી (આ.વિ.), ગાંધીનગરનો તા.૧૦/૦૭/૨૦૨૩નો પત્ર ક્રમાંક:-આવિ/અગન/ હોમસ્ટે/ન.બા./૨૦૨૩-૨૪/૧૫૬૧

**પ્રસ્તાવના :-**

આદિજાતિ વિસ્તારએ ફોરેસ્ટ વિસ્તાર હોવાથી ડુંગર, વનરાજી, ઝરણાનું પ્રાકૃતિક વાતાવરણ પર્યટક માટે હંમેશા આકર્ષણનું કેન્દ્ર રહેલ છે. તેમાં આદિવાસી સમાજની આગવી સંસ્કૃતિ અને પરંપરા અને આદિવાસી જીવનશૈલી, ઉત્સવો-તહેવાર, ખોરાક વિગેરે પ્રાકૃતિક વાતાવરણને વધુ સુંદર બનાવે છે. આ પ્રાકૃતિક સ્થળો અને આદિવાસી સમાજની આગવી પરંપરા થકી આદિજાતિ વિસ્તારમાં રોજગારીની નવી તકો ઉભી કરવા માટેની શક્યતાઓ રહેલ છે. આદિજાતિ વિસ્તારમાં આવેલ પર્યટક સ્થળો સ્થાનિક રોજગારીના કેન્દ્ર તરીકે વિકાસ કરવાની સાથે સાથે આદિજાતિ કુટુંબોને રોજગારી ઉભી કરવા માટે હોમ સ્ટે યોજનાના અમલ માટે નિયામકશ્રી(આ.વિ.), ગાંધીનગરના ઉક્ત વંચાણે લીધા ક્રમાંક:-(૧) અને (૨) પરના પત્રોથી સને ૨૦૨૩-૨૪ માં રૂ.૯૦૦.૦૦ લાખની નવી બાબતની દરખાસ્ત કરવામાં આવેલ. જેને વહીવટી મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

રાજ્ય સરકાર દ્વારા આદિજાતિ કુટુંબોના આર્થિક ઉત્કર્ષ માટે સ્થાનિક સ્તરે રોજગારીની નવી તકો ઉભી કરવા માટે વિવિધ પ્રયાસો કરવામાં આવે છે. પુખ્ત વિચારણાના અંતે, રાજ્યમાં પર્યટન વિકાસ માટેની નીતિ ધ્યાને રાખી આદિજાતિના કુટુંબો પણ પર્યટન ક્ષેત્રની સ્થાનિક રોજગારી સાથે જોડાણ કરવાના હેતુથી રાજ્ય સરકારના અંદાજપત્રમાં સને ૨૦૨૩-૨૪ના વર્ષમાં હોમસ્ટે યોજના માટે રૂ.૯૦૦.૦૦ લાખની નવી બાબતની નાણાકીય જોગવાઈને નીચે જણાવેલ શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

આ હોમસ્ટે યોજનાના અમલ માટેના ધારાધોરણો નીચે મુજબ નિયત કરવામાં આવે છે.:-

**૧. હોમ સ્ટે યોજના હેઠળના સ્થળોની પસંદગી:-**

આ યોજનાના અમલ માટેનો વિસ્તાર જેમાં આદિવાસી કુટુંબોનું રહેઠાણ હોય અને તે સ્થળ અથવા આસપાસના વિસ્તારમાં પ્રવાસન સ્થળ આવેલ હોય તેવા સ્થળો જેમ કે ઝરવાણી ધોધ, સ્ટેચ્યુ ઓફ યુનિટી, પોલો ફોરેસ્ટ, અંબાજી, કેવડી, પદમડુંગરી, સાપુતારા, ગીર ફોરેસ્ટ વિગેરે સ્થળો કે જે સ્થળો પર પ્રવાસન વિક્સિત થયેલ હોય અને પ્રવાસીઓની સંખ્યા નોધનીય સંખ્યામાં આવતી હોય તેવા સ્થળોની પસંદગી આ યોજના હેઠળ કરવામાં આવશે.

**૨. હોમ સ્ટે યોજના હેઠળના લાભાર્થીની પસંદગી:-**

આ યોજના હેઠળના લાભ માટેના લાભાર્થીની પાત્રતા નીચે મુજબ રહેશે.

૧. યોજના હેઠળનો લાભ અનુસૂચિત જનજાતિની યાદીમાં સમાવિષ્ટ આદિજાતિના કુટુંબને મળવાપાત્ર રહેશે.

૨. લાભ મેળવવા માંગતા કુટુંબનુ રહેઠાણ આ યોજના માટે નિયત કરેલ પ્રવાસન સ્થળ પાસે હોવું જોઈએ.

૩. લાભ મેળવવા માંગતા કુટુંબ પાસે પોતાની માલિકીની જમીન હોવી જોઈએ. તેમજ તે જગ્યા પર અથવા આજુબાજુમાં તેમનુ રહેઠાણ હોવુ જોઈએ.

૪. લાભ મેળવવા માંગતા લાભાર્થીઓના કુંટુંબમાથી સંચાલન કરનાર વ્યક્તિ ઓછામાં ઓછુ ધોરણ-૧૨ પાસ થયેલ હોવા જોઈએ.

**<u>૩. હોમ સ્ટે યોજના હેઠળ સહાયનો લાભ:-</u>**

૧. આ યોજના હેઠળ આદિવાસી કુટુંબોને વ્યક્તિગત ધોરણે સહાયનો લાભ આપવામાં આવશે.

૨. આ યોજના હેઠળ એક કુટુંબને એક યુનિટ તરીકે હોમસ્ટે માટેના બે રૂમ અને આનુસાંગીક સુવિધા ઉભી કરવાને ધ્યાને રાખી એક યુનિટ માટે સહાય આપવામાં આવશે.

૩. એક હોમસ્ટે યુનિટ દિઠ માટે રૂ.૫.00 લાખ યુનિટ કોસ્ટ રહેશે. જેમાં ૯0% મુજબ રૂ.૪.૫૦ લાખ આર્થિક સહાય અને ૧0% લોકફાળા તરીકે રૂ.0.૫0 લાખ લાભાર્થી ફાળો રહેશે.

૪. હોમસ્ટે માટે પર્યટકો નિવાસ કરી શકે તે માટે બે રૂમ નિવાસ માટે જેમાં બેડીંગ, ટોયલેટ-બાથરૂમ વગેરે સુવિધા સાથે અને ભોજન માટે કિચન, રસોઇ સાધન, ડાયનિંગ એરીયાની સુવિધા વિકસાવવા માટે આ યોજના હેઠળ મળનાર આર્થિક સહાયમાંથી કરવાનો રહેશે. આ ઉપરાંત હોમસ્ટે આસપાસ ગાર્ડનીંગ વગેરે વધારાની સુવિધા લાભાર્થીઓએ જરૂરીયાત મુજબ સ્વ ખર્ચે ઉભી કરી શકશે.

૫. આ યોજના હેઠળની આર્થિક સહાય ઉપરાંત સ્વ ખર્ચે વધારાની સુવિધા વિકસાવવા માંગતા હોય તો તેઓ વિકસાવી શકશે.

**<u>૪. હોમ સ્ટે યોજના હેઠળ સહાયનું ચુકવણું :-</u>**

આ યોજના હેઠળ પસંદ થયેલ લાભાર્થીને એક હોમસ્ટે યુનિટ દિઠ માટે રૂ.૫.૦૦ લાખ યુનિટ કોસ્ટ રહેશે. જેમાં ૯૦% મુજબ રૂ.૪.૫૦ લાખ આર્થિક સહાય અને ૧૦% લોકફાળા તરીકે રૂ.૦.૫૦ લાખ લાભાર્થી ફાળો રહેશે. જે પૈકી સહાયની રકમ રૂ.૪.૫૦ લાખની રકમ નીચે મુજબના ત્રણ હપ્તામાં ચુકવવામાં આવશે.

૧. પ્રથમ હપ્તો – ૩૦% મુજબ રૂ.૧,૩૫,૦૦૦/- મંજુરી આદેશ સાથે

૨. બીજો હપ્તો –૫૦% મુજબ રૂ.૨,૨૫,૦૦૦/- લીન્ટલ લેવલ સુધીના બાંધકામ થયે.

૩. ત્રીજો હપ્તો – ૨૦% મુજબ રૂ.૯૦,૦૦૦/- કામગીરી પુર્ણ થયેથી.

લાભાર્થી ફાળાના રૂ.૫૦,૦૦૦/- યોજનાની કામગીરી મુજબ ત્રણ સહાયના હપ્તા મુજબ લાભાર્થી દ્વારા ખર્ચ કરવાનો રહેશે.

**<u>૫. હોમ સ્ટે યોજના હેઠળ લાભાર્થીની પસંદગીની પ્રક્રિયા :-</u>**

૧. જિલ્લા કક્ષાએ આ યોજનાનુ અમલીકરણ પ્રાયોજના વહિવટદારશ્રીની કચેરી/પ્રોજેકટ ઓફિસરની કચેરી દ્વારા કરવામાં આવશે.

૨. આ યોજના હેઠળ લાભાર્થીની પસંદગી માટે જિલ્લા કક્ષાએથી જાહેર વર્તમાન પત્રોમાં જાહેરાત પ્રસિધ્ધ કરી રસ ધરાવતા લાભાર્થીઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવશે.

૩. જિલ્લા કક્ષાએ મળેલ અરજીઓની દસ્તાવેજી ચકાસણી અને સ્થળ ચકાસણી કરી જિલ્લા કક્ષાની નીચે મુજબની સમિતિમાં પ્રાથમિક પસંદગી અને રાજય કક્ષાએ ભલામણ અર્થે રજુ કરવામાં આવશે.

| | |
|---|---|
| (૧) જિલ્લા કલેકટરશ્રી | -અધ્યક્ષ |
| (૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી | -સભ્ય |
| (૩) જિલ્લા વન અધિકારીશ્રી | -સભ્ય |
| (૪) પ્રાયોજના વહિવટદારશ્રી | -સભ્ય સચિવ |

જિલ્લા સમિતિ દ્વારા જિલ્લા કક્ષાએથી મળેલ અરજીની ચકાસણી કરી જે લાભાર્થીઓ તમામ પાત્રતા ધરાવતા હોય અને આ યોજના હેઠળ લાભ મેળવી સફળતા પૂર્વક યોજના હેઠળની પ્રવૃતિ હાથ ધરી શકે તેમ હોય તે બાબત ધ્યાને રાખીને ચકાસણી કરી મંજુરી અર્થે ભલામણ કરશે. આ સમિતિની બેઠક જિલ્લા કક્ષાની જરૂરીયાત ધ્યાને લઈ બોલાવવાની રહેશે.

૪. રાજય કક્ષાએ નિયામકશ્રી આદિજાતિ વિકાસ, ગાંધીનગર દ્વારા જિલ્લા કક્ષાએથી મળેલ દરખાસ્ત મંજુરી અર્થે રાજય કક્ષાની નીચે મુજબની સમિતિ સમક્ષ રજુ કરશે.

(૧) અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર

(૨) નિયામકશ્રી, આદિજાતિ વિકાસ, ગાંધીનગર

(૩) વન અને પર્યાવરણ વિભાગના વર્ગ -૧ ના અધિકારીશ્રી

(૪) ) પ્રવાસન વિભાગના વર્ગ -૧ ના અધિકારીશ્રી

જિલ્લા સમિતિ દ્વારા મળેલ દરખાસ્તની ચકાસણી કરી મંજુરી અર્થે ભલામણ કરશે, અરજીઓ પર રાજય સમિતિ દ્વારા આખરી નિર્ણય કરી મંજુરી આપવામાં આવશે. રાજ્ય કક્ષાની સમિતિની મંજુરી મુજબ પ્રાયોજના વહિવટીદારની કચેરી દ્વારા મંજુરી આપી અમલ કરવામાં આવશે. આ સમિતિની બેઠક જિલ્લા કક્ષાએથી મળેલ દરખાસ્ત ધ્યાને લઈ બોલાવવાની રહેશે.

<u>**શરતો :-**</u>

**૧. આ યોજના સને ૨૦૨૩-૨૪ થી ૨૦૨૫-૨૬ (ત્રણ વર્ષ)ના સમયગાળા માટે અમલમાં રહેશે.**

૨. યોજના હેઠળ લાભાર્થીની પસંદગીથી યોજના પૂર્ણ થયે સુધીની તમામ તબક્કે જિલ્લા કક્ષાએ સુપરવિઝન અને મોનિટરીંગ માટે સબંધિત પ્રાયોજના વહિવટદારશ્રીની કચેરી નોડલ અમલીકરણ કચેરી રહેશે.

૩. નિયામકશ્રી આદિજાતિ વિકાસ, ગાંધીનગર દ્વારા યોજના હેઠળ પસંદગી કરવાના લાભાર્થી માટેના અરજી ફોર્મ અને અરજી ફોર્મ સાથેના રજુ કરવાના દસ્તાવેજ અંગેની વિગતો નિયત કરવાની રહેશે.

૪. યોજનાના તબક્કા મુજબના અમલ અને પૂર્ણતા સર્ટીફિકેટ સાથે ફોટોગ્રાફ લાભાર્થી પાસેથી મેળવવાના રહેશે.

૫. લાભાર્થી દ્વારા આ યોજના હેઠળ મેળવેલ સહાયથી ઉભી થતી અસકયામતોનો ઉપયોગ યોજનાના હેતુ માટે જ કરવામાં આવશે તે મુજબની બાંહેધરી મેળવવાની રહેશે.

૬. જિલ્લા કચેરી દ્વારા લાભાર્થીની સંખ્યા અને હોટલ મેનેજમેન્ટ માટેની તાલીમ અંગેની જરૂરીયાત ધ્યાને રાખી આયોજન કરી શકશે.

૭. આ યોજના હેઠળ મંજૂર કરવામાં આવેલ હોમ સ્ટે યુનિટ અન્ય કોઈને વેચાણ કરી શકાશે નહીં એટલે કે બિન તબદીલી પાત્ર રહેશે.

૮. હોમ સ્ટે માં રોકાનાર પર્યટકોને સલામતીની જવાબદારી લાભાર્થીની રહેશે.

૯. લાભાર્થી દ્વારા આ યોજના હેઠળની પ્રવૃતિ માટેના સરકારશ્રી દ્વારા અમલીત કાયદાઓ અથવા નિયમોનું પાલન કરવાનું રહેશે. અને તે અંગેની કરવાની થતી નોંધણી અંગેની કાર્યવાહી લાભાર્થીએ સ્વખર્ચે કરવાની રહેશે.

૧૦. મંજુર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પુરતી તકેદારી રાખવાની રહેશે.

૧૧. R & B વિભાગ દ્વારા જે પણ ધારાધોરણો નક્કી કરવામાં આવ્યા છે તે મુજબ ભાડુ નક્કી કરવામાં આવશે.

૧૨. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકીય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી નિયામકશ્રી(આ.વિ.)એ રાખવાની રહેશે.

૧૩. આ યોજનાનો અમલ પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી મારફતે કરવાનો રહેશે.

૧૪. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

૧૫. ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

૧૬. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્રિત કરવાની રહેશે.

૧૭. નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.

૧૮. આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.

૧૯. C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

૨૦. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

૨૧. Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

૨૨. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

૨૩. કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.

૨૪. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

૨૫. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨૬. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૨૭. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૨૮. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૨૯. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૩૦. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

**૩૧. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.**

આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં **માંગણી ક્રમાંકઃ ૯૬** આયોજન, મુખ્ય સદરઃ૨૨૨૫-અનુસુચિત જાતિઓ, અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદરઃ૦૨ અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદરઃ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર-૭૬-VKY-૧૭: સ્વરોજગારી માટે આર્થિક સહાય (રાજ્યના આદિજાતિ વિસ્તારના પ્રવાસન સ્થળો નજીક આદિજાતિ કુટુંબોના આર્થિક ઉત્કર્ષના પ્રાથમિક ઉદ્દેશ્ય માટે હોમ સ્ટે બનાવવા) હેઠળ સમાવવા તથા જોગવાઈમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૧૪/૦૭/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

eSign
Signed by: pravinaben patel
Organization Unit: Tribal Development Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 17-Jul-2023 (04:00 PM)

(પી. એમ. પટેલ)
ઉપ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના :-**

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા).
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી,આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર સત્વરે મુકવા વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ.